નડિયાદ-મોડાસા રેલવે ટ્રેક હવે બનશે 'હાઈસ્પીડ કોરિડોર' | ફાટકો નાબૂદ કરવામાં આવશે

# નડિયાદથી મોડાસા વચ્ચે ૧૦૭ કરોડના ખર્ચે ૨૦ ફાટકોના સ્થળે અન્ડર બ્રિજ બનશે

**મોડાસા-શામળાજી** લાઇન પૂર્ણ થતાં જ દિલ્હી-મુંબઈની સીધી ટ્રેનો શરૂ થવાનો માર્ગ મોકળો




(પ્રતિનિધિ) કપડવંજ તા.૭

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુરક્ષા, સુવિધા અને ટ્રેનોની ગતિ વધારવા માટે નડિયાદ-કપડવંજ-મોડાસા રેલવે સેક્શન પર એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે બોર્ડ દ્વારા આ સેક્શનને સંપૂર્ણપણે 'ફાટક મુક્ત' કરવાના અભિયાન હેઠળ ૨૦ રેલવે ક્રોસિંગને કાયમી ધોરણે નાબૂદ કરવા માટે ૧૦૬.૮૪ કરોડના બજેટને સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટથી માત્ર મુસાફરોનો સમય જ નહીં બચે, પરંતુ ભવિષ્યમાં આ રૂટ પર લાંબા અંતરની એક્સપ્રેસ ટ્રેનો દોડતી જોવા મળશે.

રાજ્ય સરકાર પર કોઈ બોજ રહેશે નહીં. આ પ્રોજેક્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે તેનો સંપૂર્ણ આર્થિક બોજ પશ્ચિમ રેલવે પોતે ભોગવશે. 'અમ્બ્રેલા વર્ક ૨૦૨૫-૨૬' હેઠળ મંજૂર કરાયેલા આ કામોને કારણે રાજ્ય સરકારની તિજોરી પર કોઈ ભાર આવશે નહીં. આ સેક્શન પર આવેલા ૨૦ જેટલા વ્યસ્ત રેલવે ફાટકો હટાવી ત્યાં આધુનિક રોડ અંડર બ્રિજ બનાવવામાં આવશે, જેનાથી વાહનચાલકોને ફાટક પર ઉભા રહેવામાંથી મુક્તિ મળશે અને અકસ્માતોની સંભાવના નહિવત થઈ જશે. હાલમાં આ સેક્શનમાં કુલ ૫૩ ફાટક હોવાના કારણે મેમુ ટ્રેનને આખો રૂટ કાપવામાં આશરે ૩ કલાક લાગે છે.

## દિલ્હી-મુંબઈ સાથે ૨૦૨૭ સુધીમાં સીધું જોડાણ

રેલવે મંત્રી દ્વારા આપવામાં આવેલી હૈયાધારણ મુજબ, મોડાસા-શામળાજી નવી રેલવે લાઇનનું કામ માર્ચ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. આ લાઇન શરૂ થતાં જ આ સમગ્ર વિસ્તાર સીધો દિલ્હી મુખ્ય લાઇન સાથે જોડાઈ જશે. બાદ નડિયાદ-મોડાસા-ઉદેપુર-જયપુર થઈને દિલ્હી અને મુંબઈ માટેની સીધી લોંગ-ડિસ્ટન્સ ટ્રેનો શરૂ કરવામાં આવશે. આ પરિવર્તન પંથકના સામાજિક અને આર્થિક વિકાસ માટે ગેમ-ચેન્જર સાબિત થશે.

## વડતાલધામમાં રણછોડરાયજી મહારાજનો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો




સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલમાં અધિક માસ નિમિત્તે રણછોડરાયજી મહારાજનો પાટોત્સવ અત્યંત ભક્તિભાવ અને ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય મોટા લાલજી સૌરભપ્રસાદજી મહારાજ તથા નાના લાલજી દ્વિજેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ હસ્તે ઠાકોરજીનો પંચામૃત અને કેસર સ્નાનથી મહાઅભિષેક કરવામાં આવ્યો હતો. મંગળા આરતી બાદ યજમાન ગોવિંદભાઈ ચુનીલાલ ઠક્કર પરિવારના સહયોગથી અભિષેક વિધિ સંપન્ન થઈ હતી. અભિષેક બાદ લાલજી મહારાજે આરતી ઉતારી હતી અને યજમાન પરિવારનું સન્માન કર્યું હતું. ઉત્સવના અંતે ભગવાનને વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવી તેની આરતી ઉતારવામાં આવી હતી.

# કેનેડા ખાતે હત્યાનો ભોગ બનેલા વિધિની અંતિમ વિદાય

**અંતિમયાત્રામાં** સાંસદ મિતેશભાઈ પટેલ સહિત રાજકીય આગેવાનો હાજર રહ્યાં



(પ્રતિનિધિ) આણંદ તા.૭

કેનેડા ગયેલી બોરસદની આશાસ્પદ યુવતી વિધિ કલ્પેશ મેઘાની હત્યા થઈ ગયા બાદ ૨૩ દિવસે પોતાના વતન બોરસદ ખાતે મૃતદેહ લવાયો હતો. રવિવારે અંતિમયાત્રા બાદ વિધિ મેઘા બોરસદની માટીમાં વિલીન થઈ હતી. વિધિના પાર્થિવ દેહના અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને સમગ્ર વિસ્તાર શોકની લાગણીથી છવાઈ ગયો હતો.

આ અંતિમ વિદાયની ક્ષણોમાં માતા-પિતાએ કંપતા હાથે પોતાની લાડકી દીકરીને વિદાય આપી હતી. વિધિના અકાળે અવસાનથી સમગ્ર બોરસદ પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. વિધિની અંતિમયાત્રામાં આણંદના સાંસદ મિતેશભાઈ પટેલ, વિવિધ રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકરો તેમજ શહેરના અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં લોકો અંતિમયાત્રામાં જોડાઈ વિધિને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સમગ્ર વાતાવરણ ગમગીન બની ગયું હતું અને સૌએ આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

નડિયાદમાં તંત્ર ઘોર નિંદ્રામાં | જર્જરિત ડેક સ્લેબ ગમે ત્યારે ધરાશાયી થવાની ભીતિ

# નડિયાદ-ડભાણ રિંગ રોડ પર 'મોતના ગરનાળા' જેવી સ્થિતિ

**કોન્ક્રીટના** પોપડા ખરી પડ્યા અને લોખંડના સળિયા બહાર આવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

નડિયાદના ડભાણ અને યોગીનગરને જોડતા રિંગ રોડ પર આવેલા ગરનાળાની હાલત અત્યંત બિસ્માર અને ભયજનક સ્તરે પહોંચી ગઈ છે. આ ગરનાળાની માળખાગત મજબૂતાઈ સાવ નબળી પડી ગઈ હોવાથી ગમે ત્યારે મોટી હોનારત સર્જાવાની દહેશત સેવાઈ રહી છે. રિંગ રોડની બરાબર નીચે આવેલા આ ગરનાળાના ડેક સ્લેબમાંથી કોન્ક્રીટના મસમોટા પોપડા ખરી પડ્યા છે અને લોખંડના સળિયા સંપૂર્ણપણે ખુલ્લા થઈ ગયા છે, છતાં વહીવટી તંત્ર જાણે કોઈ ગંભીર દુર્ઘટનાની રાહ જોતું હોય તેમ આંખ આડા કાન કરી રહ્યું છે.



### શાળાના માસૂમ બાળકોના જીવ સાથે રમત

આ ગરનાળામાંથી દરરોજ વિદ્યાર્થીઓ ભરેલી રિક્ષાઓ અને દ્વિચક્રી વાહનો પસાર થાય છે. અહીં ભરાયેલા પાણી અને ખાડાઓ બચાવવાના પ્રયાસમાં વાહનચાલકો મથામણ કરતા હોય છે, ત્યારે ઉપરથી કોન્ક્રીટના ગાબડા માથા પર પડવાની 'લટકતી તલવાર' જેવી સ્થિતિ છે.

નડિયાદની ડભાણ ચોકડીથી મરીડા તરફ જતા આ માર્ગ પર દર કલાકે અંદાજે ૫૦ જેટલા ભારે વાહનો પસાર થાય છે. આ વાહનોના કારણે ઉત્પન્ન થતા સતત વાઈબ્રેશનને લીધે નબળું પડેલું સ્ટ્રક્ચર ગમે ત્યારે તૂટી પડે તેવી સ્થિતિમાં છે.

સ્થાનિક અગ્રણીઓએ આ બાબતે ધારાસભ્ય કલ્પેશ પરમાર અને માર્ગ-મકાન (સ્ટેટ) વિભાગનાને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી હોવા છતાં તંત્ર હજુ સુધી જાગ્યું નથી. ચોમાસામાં સ્થિતિ વધુ વણસશે આગામી ચોમાસામાં જળબંબાકારની સ્થિતિ સર્જાતા ગરનાળાના સ્ટ્રક્ચરનું ધોવાણ વધુ તેજ બનશે.

# લુણાવાડા પાલિકાના પૂર્વ પ્રમુખ સહિત ૨ ની ધરપકડ

**સીઆઇડી** ક્રાઈમ દ્વારા હાઈપ્રોફાઈલ કાર્યવાહીથી રાજકીય આલમમાં ફફડાટ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૭

મહીસાગર જિલ્લામાં 'નળ સે જળ' યોજનામાં આચરવામાં આવેલા અંદાજે રૂ. ૧૨૩ કરોડના બહુચર્ચિત મહાકૌભાંડમાં વડોદરા CID ક્રાઈમ બ્રાન્ચે સપાટો બોલાવ્યો છે. તપાસ દરમિયાન આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર અને લુણાવાડા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મનહર જેઠાભાઈ પટેલની તેના નિવાસસ્થાનેથી હાઈપ્રોફાઈલ ધરપકડ કરવામાં આવી છે.

આ ઉપરાંત, ઉમ્બેર ગામની યોજનામાં રૂ. ૬૭ લાખની નાણાકીય ગેરરીતિ આચરનાર કોન્ટ્રાક્ટર હરીશ પટેલ પણ CIDના સિકંજામાં આવ્યો છે. મનહર પટેલે આંબા, સરસવા અને માલવણ જેવા ગામોની યોજનાઓમાં મસમોટી ગેરરીતિઓ આચરી હોવાનું સામે આવ્યું છે. આ મામલે સરકાર દ્વારા હજુ રૂ. ૨.૩૯ કરોડથી વધુની માતબર રકમ વસૂલવાની બાકી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મનહર પટેલ અગાઉ પણ અનેક છેતરપિંડીના ગુનાઓમાં સંડોવાયેલો રહ્યો છે. તેણે અગાઉ ગોધરા નગરપાલિકામાં નકલી એફડી અને સોલવન્સી સર્ટિફિકેટ રજૂ કરીને તેમજ 'ગિરડા'ના ખોટા રિપોર્ટ ઊભા કરી સરકાર સાથે છેતરપિંડી આચરી હતી. આ ઉપરાંત, કપડવંજના કોન્ટ્રાક્ટર આત્મહત્યા કેસમાં પણ તે આરોપી છે.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## બાલાસિનોર લાયન્સ ક્લબનો શપથવિધિ સમારોહ ઉજવવામાં આવ્યો



**બાલાસિનોર** | લાયન્સ ક્લબ ઓફ બાલાસિનોરના વર્ષ ૨૦૨૪-૨૫ના નવા પ્રમુખ અમિતભાઈ અરોરા અને તેમની ટીમનો શપથવિધિ સમારોહ લાયન્સ હોલ ખાતે મનોજભાઈ પરમારના હસ્તે યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પૂર્વ ગવર્નર જે.પી. ત્રિવેદી અને નગરપાલિકા પ્રમુખ ગાયત્રીબેન ત્રિવેદીએ ઉપસ્થિત રહી નવા હોદ્દેદારોના સેવાકાર્યોને બિરદાવ્યા હતા. નવા સેક્રેટરી તરીકે દિવ્યેશભાઈ ચૌહાણ અને ટ્રેઝરર તરીકે આશિષભાઈ ત્રિવેદી સહિતના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે વિધિવત પદભાર સંભાળી સેવાના શપથ લીધા હતા. આ કાર્યક્રમમાં ક્લબના સભ્યો અને મહાનુભાવોની હાજરીમાં દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## કરમસદની ભાઈકાકા યુનિવર્સિટી ખાતે 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની વૃક્ષારોપણ સાથે ઉજવણી



**આણંદ** | ભાઈકાકા યુનિવર્સિટી અને એન.એસ.એસ. યુનિટ દ્વારા ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કેમ્પસના નવા પાર્કિંગ વિસ્તારમાં નવ વૃક્ષોનું વાવેતર કરાયું હતું. આ પ્રસંગે પ્રોવોસ્ટ ડો. અભય ધરમસી અને રજીસ્ટ્રાર ડો. જ્યોતિ તિવારી સહિત વિવિધ સંસ્થાઓના પ્રિન્સિપાલોએ હાજર રહી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો. યુનિવર્સિટી વહીવટી તંત્ર પોતાની હરિયાળી અને પ્રકૃતિ પ્રત્યેની સભાનતા માટે હરહંમેશ કટિબદ્ધતા પ્રદર્શિત કરે છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા 'ફિટ ઈન્ડિયા' અંતર્ગત ભવ્ય સાયકલ રેલીનું આયોજન કરાયું




**લુણાવાડા** | મહીસાગર પોલીસ અને સુરક્ષા સેતુ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે લુણાવાડા ખાતે નાગરિકો અને પોલીસ કર્મચારીઓમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવા સાયકલ રેલી યોજાઈ હતી. નાયબ પોલીસ અધિક્ષકએ લીલી ઝંડી બતાવી રેલીને પ્રસ્થાન કરાવી હતી અને તેઓ પોતે પણ કર્મચારીઓનો ઉત્સાહ વધારવા સાયકલિંગમાં જોડાયા હતા. આ રેલીમાં જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, મહિલા પોલીસ કર્મચારીઓ અને મોટી સંખ્યામાં પોલીસ જવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તણાવપૂર્ણ ફરજ વચ્ચે પોલીસકર્મીઓની શારીરિક-માનસિક ફિટનેસ જળવાય તે હેતુથી 'સ્વસ્થ ભારત'નો સંદેશ જન-જન સુધી પહોંચાડવા પ્રેરણાદાયી આયોજન કરાયું હતું.

## મહેમદાવાદ બી.આર.સી. ભવન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની અનોખી ઉજવણી કરી



**મહેમદાવાદ** | સમગ્ર શિક્ષા મહેમદાવાદ દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે બીઆરસી ભવન ખાતે પ્લાસ્ટિક મુક્ત અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'પરિવર્તનના બીજ વાવો, ટકાઉ ભવિષ્ય કેળવો' થીમ સાથે પર્યાવરણ જાળવણીના વિવિધ સંદેશા ધરાવતી કપડાની થેલીઓનું વિતરણ કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ થેલીઓ પર સોલર ઉર્જા, પ્રાકૃતિક ખેતી, જળ બચાવ અને સ્વચ્છતા જેવા સ્લોગન દ્વારા પ્રદૂષણ અટકાવવા અને પર્યાવરણ સુરક્ષાનો સચોટ સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

## આણંદની જે.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટની વિદ્યાર્થિની ડિંકલ પરમાર એસ.પી. યુનિવર્સિટીમાં પ્રથમ રહી



**આણંદ** | આણંદ પીપલ મેડિકેર સોસાયટી સંચાલિત જે.એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટની બીએસડબલ્યુની વિદ્યાર્થિની ડિંકલ પરમાર ૭.૬૫ જીપીએ સાથે યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને રહી છે. આ ઉપરાંત કોલેજની અન્ય વિદ્યાર્થિનીઓ સ્તુતિબેન મેકવાન (૭મો ક્રમ) અને ક્રિશ્નાબેન પટેલ (૧૦મો ક્રમ) એ પણ યુનિવર્સિટીના ટોપ-૧૦માં સ્થાન મેળવ્યું છે. સંસ્થાના પ્રમુખ બિપીનચંદ્ર પટેલ, સીઈઓ ડો. પાર્થ પટેલ અને સમગ્ર સ્ટાફગણે આ ઝળહળતી સફળતા બદલ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા છે. યુનિવર્સિટી રેન્કિંગમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી આ વિદ્યાર્થિનીઓએ સંસ્થા અને કોલેજનું ગૌરવ વધાર્યું છે.

## મહિસાગર જિલ્લાના વતની રૂચિર ઉપાધ્યાયે અંગ્રેજીમાં પુસ્તક લખી ઈતિહાસ રચ્યો



**વીરપુર** | મહીસાગરના ઉંદરા ગામના વતની અને આચાર્ય રૂચિર દયાશંકર ઉપાધ્યાયે ૩૮ વર્ષની વયે 'The Dark Knight' શીર્ષક હેઠળ ૧૨૬ પાનાનું અંગ્રેજી પુસ્તક તૈયાર કર્યું છે. વરધરી ત્રિવેદી મેવાડા બ્રહ્મ સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ લેખકે માતૃભાષા ઉપરાંત અંગ્રેજીમાં પુસ્તક રચીને વિરલ સિદ્ધિ હાંસલ કરી છે. આ પડકારજનક અને વિષમ પરિસ્થિતિઓ વચ્ચે પણ અનેક પુસ્તકોનું સર્જન કરનાર રૂચિરની આ સાહિત્યિક ઉપલબ્ધિ સમગ્ર સમાજ માટે ગૌરવ સમાન છે.

## આણંદ કૃષિ યુનિવર્સિટીના ત્રણ સ્કોલર્સની રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત યોજાઇ



**આણંદ** | 'જનજાતીય ગૌરવ ઉત્સવ' અંતર્ગત રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલ ખાસ ઇન્ટરેક્ટિવ મીટિંગમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની ત્રણ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ડો. જેરૂલ હળપતી, ડો. જાગૃતિ માહલા અને ડો. પ્રતિક પટેલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી સાથે રૂબરૂ સંવાદ કરવાની સુવર્ણ તક મેળવી હતી. NFST ફેલોશિપ મેળવનારા આ ત્રણેય તેજસ્વી સ્કોલર્સ હાલમાં વિવિધ કૃષિ યુનિવર્સિટીઓમાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. યુનિવર્સિટી માટે ગૌરવરૂપ આ સિદ્ધિ બદલ કુલપતિ ડો. એન. આઈ. શાહે ત્રણેય વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## કપડવંજના અલવા ગામે 'ખેત બચાવો અભિયાન' હેઠળ પ્રાકૃતિક ખેતી તાલીમ શિબિર યોજાઈ




**કપડવંજ** | કપડવંજ તાલુકાના અલવા ગામે 'ખેત બચાવો અભિયાન' હેઠળ યોજાયેલ તાલીમ શિબિરમાં ૫૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં માર્કેટિંગ કન્સલ્ટન્ટ કિંજલકુમાર પટેલ અને ગ્રામ સેવક જીતેન્દ્રભાઈ પરમારે બંજર જમીન સુધારવા માટે પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો અપનાવવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ ખેડૂતોને ખેતીવાડી અને બાગાયતી વિભાગની વિવિધ યોજનાઓ તેમજ ખાતરોના કાર્યક્ષમ ઉપયોગ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

## કપડવંજના વલ્લભ સેવા કેન્દ્ર દ્વારા ૩૫૦ જરૂરિયાતમંદ બહેનોને ધાન્યદાન કીટનું વિતરણ કરાયું




**કપડવંજ** | વલ્લભ સેવા કેન્દ્ર દ્વારા સવાસો ગોળ કડવા પાટીદારની વાડી ખાતે ૫૧મો ગંગાસ્વરૂપ બહેનો માટે ધાન્યદાન કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અંદાજે ₹૬૩૧ની કિંમતની મગ, તેલ, દાળ અને મસાલા જેવી જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ધરાવતી કીટનું ૩૫૦ બહેનોને વિતરણ કરાયું હતું. મુખ્ય સંયોજક ગોપાલભાઈ શાહ અને દાતા પૂર્વીબેન શેઠ સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં આ સેવા કાર્ય સંપન્ન થયું હતું. સિનિયર સિટીઝન મંડળ અને મોટા હનુમાન દાદા સેવા ટ્રસ્ટના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં સ્વયંસેવકોએ સુંદર સેવાઓ આપી હતી.

## કપડવંજ ખાતે સવાસો પરગણા વણકર સમાજની 41મી સાધારણ સભામાં નવી કારોબારીની વરણી



**કપડવંજ** | કપડવંજ સ્થિત સમાજ ભવનમાં સવાસો પરગણા વણકર સમાજ સેવા પ્રગતિ મંડળની 41મી સાધારણ સભા યોજાઈ હતી, જેમાં વાર્ષિક હિસાબોની બહાલી સાથે સામાજિક ઉત્થાનના કાર્યોની ચર્ચા કરવામાં આવી હતી. E સભા દરમિયાન વડીલો દ્વારા શિક્ષણ, વ્યસનમુક્તિ અને ભવન વિકાસ માટે દાન એકત્રિત કરવા જેવા મહત્વના વિષયો પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં જિલ્લા પંચાયત સદસ્ય જીગીશાબેન પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંડળની નવી કારોબારીની રચના કરવામાં આવી, જેમાં પ્રમુખ તરીકે ગિરીશરામ મકવાણા અને મંત્રી તરીકે ભાનુપ્રસાદ રાજન સહિતના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

## આણંદની ભીખાભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટનું અંગ્રેજી વિષયનું સો ટકા પરિણામ આવ્યું

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ભીખાભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પી.જી. સ્ટડીઝના અંગ્રેજી વિષયના ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ ૧૦૦ ટકા પરિણામ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ પરીક્ષામાં સંસ્થાના કુલ ૧૧ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના ટોપ-૧૦માં સ્થાન મેળવવાની વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. આ ઝળહળતી સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનકુમાર પી. પટેલ, ડેપ્યુટી ચેરમેન વિનોદ પરમાર, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ તથા પ્રિન્સિપાલ ડો. ભગવાનસિંહ સોલંકી સહિતના સ્ટાફ મિત્રોએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.